જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/03/૨૦૨૩  શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૫૦૨/૨૦૨૩**

## મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ગોહીલ નાઓ દ્વારા,અમદાવાદ શહેર ના વિવિધ પો.સ્ટે ખાતે દાખલ થયેલ મિલકત સબંધી ગુનાઓ (૧) રાણીપ પો.સ્ટે ગુ ર નં ૧૧૧૯૧૦૦૨૨૧૧૧૦૪/૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ (૨) રાણીપ પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૧૧૩૪૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ (૩) સોલા પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૫૨૧૧૯૮૭/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ (૪) પાલડી પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૬૨૧૧૧૪૦/૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ (૫) વસ્ત્રાપુર પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૨૦૨૧૦૭૯૪/૨૧ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ (૬) એલીસબ્રીજ પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૪૨૩૦૦૩૧/૨૩ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના કામે પકડાયેલ આરોપી મઝહર અકબરભાઇ વોરા ઉં.વ.૪૧ રહે.ફ્લેટ નં-૧૨ ત્રીજો માળ, નુરાની સ્ટ્રીટ ગલી નં-૦૨,શાહપુર મીલ કંપાઉન્ડ,શાહપુર, અમદાવાદ શહેરનાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૨૭૨/૨૦૨૩ તા.૨૩/૦૩/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૩/૦૩/૨૦૨૩ ના કલાક ૧૮/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી**

(૧) અ.પો.કો.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪
(૨) અ.પો.કો.દીલીપભાઇ વિરજીભાઇ બ.નં૧૧૯૪૬
(૩) અ.પો.કો. નાગજીભાઇ હરિભાઇ બ.નં.૧૨૧૩૩



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૦૯ લીટર દેશી દારૂ, ૫૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૨૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૯૮ બિયર ટીન ૨ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૫૦૫/૨૦૨૩

**એલીસબ્રીજઃ** કૃણાલભાઇ મહેશભાઇ શાહ (ઉ.વ.૩૪)(રહે.ઇન્દ્રપ્રસ્થ-૬, એચ.ડી.એફ.સી બેંકની ગલીમાં, પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર) એ તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૨ થી તા.૦૬/૧૦/૨૦૨૨ દરમ્યાન એલીસબ્રીજ પરિમલ ગાર્ડન સામે વીવા કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ “આર.બી.એલ” બેંકના એ.ટી.એમ. માંથી પૈસા ઉપાડવાના બહાને આવેલ બે પુરૂષ એ.ટી.એમ.મશીનમાં છેડછાડ કરી અલગ-અલગ એ.ટી.એમ. કાર્ડ દ્વારા કુલ રૂપિયા ૨,૨૫,૦૦૦/- ઉપાડી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૫૦૬/૨૦૨૩

**નરોડાઃ** પરીમલભાઈ પુરંદરભાઇ ચૌધરી (રહે.પેરેડાઈઝ પાર્ક નરોડા સ્મશાનની બાજુમા દહેગામ રોડ, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૩/૦૩/૨૦૨૩ સવારના ૯/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઈ.ડી.સી. ફેઝ-૧ પ્લોટ નંબર-૧૮૪/એ/૦૯ ખાતે આવેલ પોતાની “પ્રોટેકટ એન્ટર પ્રાઇઝ” નામની કંપનીની દિવાલ ઉપર લગાવેલ જાળી કાપી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, કોપરના વાઈડિંગ વાયરના રોલ નંગ-૪ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૦૭/૨૦૨૩**

**નરોડાઃ** મંજુબહેન તે નાથાભાઇ વણકર નાઓની વિધવા પત્નિ (ઉ.વ.૬૩)(રહે.રાજીવનગરના છાપરા ઈન્દિરાનગર પાસે નોબલનગર સરદારનગર) એ તા.૨૩/03/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/03/૨૦૨૩ ના કલાક ૧૨/30 થી ૧૨/૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા સુતરના કારખાનાથી નરોડા પાટીયા બસ સ્ટેન્ડ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ એક સ્ત્રી અને બે પુરૂષોએ ભેગા મળી મંજુબહેનની નજર ચુકવી, તેમના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા 30,000/- ચોરી કરી લઇ મંજુબહેનને રસ્તામાં ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૦૮/૨૦૨૩**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** રાહુલ જયેશભાઈ પટેલ (ઉ.વ.૨૪)(રહે.યોગીરાજ રેસીડન્સી, વી.આઈ.પી.સ્કૂલની બાજુમાં નવા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/03/૨૦૨૩ બપોરના ૨/૩૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટના પશ્ચીમ કિનારે એન.આઇ.ડી. પાછળ સીડી નંબર-૪૭ સામે ઈલેક્ટ્રીક પોલ નંબર JAWL-1709 પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી